પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News
RNI NO:- 67073/97
વર્ષ:૨૪, અંક:૨૯૦, કુલ પાના:૪, તારીખ: ૦૨-૦૮-૨૦૨૧ સોમવાર, કિંમત રૂા.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 290 PRICE :-RS. 1.50 DATE : 02-08-2021
EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)
Whatsapp No.9712880678
પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## આમ આદમીને ઝટકો: એલપીજી સિલિન્ડરના ભાવમાં ૭૩ રૂ.નો તોતિંગ વધારો



ન્યુ દિલ્હી, ઓગસ્ટનાં પ્રથમ દિવસે સામાન્ય જનતાને મોંઘવારીનો આંચકો લાગ્યો છે. સરકારી પેટ્રોલિયમ કંપનીઓએ એલપીજી ગેસ સિલિન્ડરનાં ભાવમાં વધારો કર્યો છે. દેશની સૌથી મોટી પેટ્રોલિયમ કંપની ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન (IOC) એ ૧૯ કિલો કોમર્શિયલ ગેસ સિલિન્ડરની કિંમતમાં ૭૩.૫૦ રૂપિયાનો વધારો કરી દીધો છે. આ પછી, દેશની રાજધાની દિલ્હીમાં ૧૯ કિલો કોમર્શિયલ ગેસ સિલિન્ડર ૧૬૨૩ રૂપિયા પ્રતિ સિલિન્ડર થઈ ગયું છે. ૧૪.૨ કિલો ઘરેલુ સિલિન્ડરની કિંમતમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી.

વાહન ઈંધણથી માંડીને ખાદ્યતેલ સુધીનાં ભાવ આ સમયે આસમાને પહોંચી ગયા છે, આ દરમ્યાન ઓઈલ કંપનીઓએ વધુ એક મોટો ફટકો આપીને નાગરિકોની ચિંતમાં વધારો કરી દીધો છે. આજે એટલે કે ૧ ઓગસ્ટથી દેશની સૌથી મોટી પેટ્રોલિયમ કંપની ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશને ૧૯ કિલો કોમર્શિયલ ગેસ સિલિન્ડરની કિંમતમાં ૭૩ રૂપિયાથી વધુનો વધારો કર્યો છે. જાહેર કરવામાં આવેલા નવા ભાવ ૧લી ઓગસ્ટથી લાગુ કરી દેવામાં આવ્યા છે. હવે તમારે દિલ્હીમાં કોમર્શિયલ ગેસ સિલિન્ડર માટે ૧૬૨૩ રૂપિયા ચૂકવવા પડશે. જણાવી દઈએ કે, ઘરેલું સિલિન્ડરની કિંમતોમાં ગયા મહિને જ વધારો થયો છે. ૧ જુલાઈનાં રોજ ૧૪.૨ કિલો ઘરેલૂ ગેસ સિલિન્ડરની કિંમતમાં ૨૫.૫૦ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો હતો. આ વર્ષે ઘરેલું સિલિન્ડરની કિંમતમાં ૧૩૮.૫૦ રૂપિયાનો વધારો થયો છે. આ વર્ષે ૧ જાન્યુઆરીએ દિલ્હીમાં એલપીજી સિલિન્ડરની કિંમત ૬૯૪ રૂપિયા હતી. જે હવે ૮૩૪.૫૦ રૂપિયામાં મળી રહ્યો છે. દેશનાં અન્ય મોટા શહેરોમાં ૧૪.૨ કિલો સિલિન્ડરની કિંમતમાં પણ ફેરફાર જોવા મળી રહ્યો છે. દિલ્હીમાં સબસિડી વગરનાં ૧૪.૨ કિલોનાં સિલિન્ડરની કિંમત ૮૩૪.૫૦ રૂપિયા, કોલકાતામાં ૮૬૧ રૂપિયા, મુંબઈમાં ૮૩૪.૫૦ રૂપિયા અને ચેન્નઈમાં ૮૫૦.૫૦ રૂપિયા છે.

જણાવી દઈએ કે, દર મહિનાની પહેલી તારીખે કિંમતો નક્કી કરવામાં આવે છે. સરકારી ઓઈલ માર્કેટિંગ કંપનીઓ દર મહિનાની પહેલી તારીખે ગેસ સિલિન્ડરની કિંમતોની સમીક્ષા કરે છે. આ પછી, તેઓ કિંમત વધારવા અથવા ઘટાડવાનું અથવા તેને યથાવત રાખવાનું નક્કી કરે છે.

### દરરોજ નવા કેસની સંખ્યા વધવાની શરુઆત સાથે એક્ટિવ ૪.૧૦ લાખ પર પહોંચ્યા

## દેશમાં ૨૪ કલાકમાં ૪૧ હજારથી વધુ પોઝિટિવ કેસ: ૫૪૧ લોકોના મોત

ન્યુ દિલ્હી, કોરોનાની ત્રીજી લહેર વચ્ચે શનિવારે દેશમાં કોરોનાના ૪૧,૭૮૬ નવા કેસ નોંધાયા છે. કોરોના સંક્રમણને કારણે ૫૪૨ લોકોનાં મોત નીપજ્યાં છે, જ્યારે ૩૯,૩૦૪ લોકો સાજા થયા છે. હવે એક્ટિવ કેસોની સંખ્યા વધીને ૪,૦૪,૮૦૪ થઈ ગઈ છે. આ સાથે, દેશમાં કોરોનાના કુલ ૩.૧૬ કરોડ કેસ નોંધાયા છે. અત્યાર સુધીમાં કુલ ૩.૦૮ કરોડ લોકો સાજા થયા છે, જ્યારે ૪.૨૪લાખ લોકોએ જીવ ગુમાવ્યા છે.

હાલમાં, કેરળ કોરોનાથી વધુ અસરગ્રસ્ત છે, જ્યાં પાંચ દિવસ સુધી સતત ૨૦ હજારથી વધુ કેસ નોંધાઈ રહ્યા છે. શનિવારે અહીં ૨૦,૬૨૪ કેસ નોંધાયા હતા. અહીં ૮૦ લોકોનું કોરોના સંક્રમણને કારણે મૃત્યુ થયું, જ્યારે ૧૬,૮૬૫ લોકોએ કોરોનાને હરાવ્યો. કેરળમાં સક્રિય કેસોની સંખ્યા હવે ૧,૬૪,૫૦૦ થઈ ગઈ છે.

શનિવારે દેશમાં કુલ ૧૭,૮૯,૪૭૨ લોકોના કોરોના સેમ્પલનું ટેસ્ટિંગ કરાયું હતું. અત્યાર સુધીમાં કુલ ૪૬,૮૨,૧૬,૫૧૦ કોરોના સેમ્પલનું ટેસ્ટિંક હાથ ધરાયું હોવાનું મંત્રાલયે જણાવ્યું છે. કોરોનાનો દૈનિક પોઝિટિવિટી રેટ ૨.૩૪ ટકા નોંધાયો છે અને સાપ્તાહિક પોઝિટિવિટી રેટ ૨.૪૨ ટકા રહ્યો છે. કોરોનાથી સ્વસ્થ થનાર દર્દીઓની સંખ્યા ૩,૦૮,૨૦,૫૨૧ થઈ છે. વિતેલા એક દિવસમાં મહારાષ્ટ્રમાં ૨૨૫, કેરળમાં ૮૦ અને ઓડિશામાં ૬૮ દર્દીનાં કોરોનાથી મોત થયા છે.દેશના દસ રાજ્યોમાં કોરોનાના કેસમાં ઝડપી વધારાને ધ્યાનમાં લેતા સરકારે શનિવારે આ રાજ્યોની સ્થિતિ બાબતેની સમિક્ષા કરી હતી. કેન્દ્રીય આરોગ્ય સચિવ રાજેશ ભૂષણની અધ્યક્ષતામાં મળેલી બેઠકમાં કેરળ, મહારાષ્ટ્ર, કર્ણાટક, તામિલનાડુ, ઓરિસ્સા, આસામ, મિઝોરમ, મેઘાલય, આંધ્રપ્રદેશ અને મણિપુરની પરિસ્થિતિની સમિક્ષા કરી હતી.દેશના ૮ રાજ્યોમાં સંપૂર્ણ લોકડાઉન જેવા પ્રતિબંધો છે. તેમાં પશ્ચિમ બંગાળ, હિમાચલ પ્રદેશ, ઝારખંડ, ઓરિસ્સા, તામિલનાડુ, મિઝોરમ, ગોવા અને પુડુચેરીનો સમાવેશ થાય છે. અહીં લોકડાઉનની જેમ જ કડક પ્રતિબંધો લાદવામાં આવ્યા છે.શનિવારે કેરળમાં ૨૦,૬૨૪ લોકો સંક્રમિત જોવા મળ્યા હતા. ૧૬,૬૮૫ લોકો સાજા થયા અને ૮૦ લોકો મૃત્યુ પામ્યા. અત્યાર સુધીમાં ૩૩.૯૦ લાખ લોકો સંક્રમણની ચપેટમાં આવી ગયા છે. આમાંથી ૩૨.૦૮ લાખ લોકો સાજા થયા છે, જ્યારે ૧૬,૭૮૨ લોકોના મોત થયા છે. હાલમાં ૧.૬૪ લાખ દર્દીઓની સારવાર કરવામાં આવી રહી છે.શનિવારે મહારાષ્ટ્રમાં ૬,૯૫૯ લોકોને સંક્રમણ લાગ્યું હતું. ૭,૪૩૧ લોકો સાજા થયા અને ૨૨૫ લોકો મૃત્યુ પામ્યા. અત્યાર સુધીમાં ૬૩.૦૩ લાખ લોકો સંક્રમણની ઝપેટમાં આવી ગયા છે. આમાંથી ૬૦.૯૦ લાખ લોકો સાજા થયા છે, જ્યારે ૧.૩૨ લાખ લોકો મૃત્યુ પામ્યા છે. હાલમાં ૭૬,૭૫૫ દર્દીઓ સારવાર હેઠળ છે.

### જુઓ...વાસ્તવિકતા: સંસદની કાર્યવાહી ૧૦૭ કલાકમાંથી માત્ર ૧૮ કલાક જ ચાલી

## સંસદમાં મડાગાંઠના કારણે કરદાતાઓના ૧૩૩ કરોડ રૂપિયા વેડફાયા

### રાજ્યસભા ૨૧% જ્યારે લોકસભા નક્કી સમય કરતા માત્ર ૧૩% ચાલી



ન્યુ દિલ્હી સંસદના ચોમાસુ સત્રમાં પેગાસસ જાસૂસી કાંડને લઈને બંને ગૃહમાં હોબાળો યથાવત છે. આ હોબાળાના કારણે બંને ગૃહમાં સત્રના પહેલા ૨ અઠવાડિયામાં ૮૫ ટકાથી વધારે કામના કલાકો બરબાદ થઈ ચૂક્યા છે. આવામાં કામકાજની દ્રષ્ટીએ આ સત્ર ઓછું ઉપયોગી થયું. છેલ્લા ૨ અઠવાડિયામાં ૧૦૭ કલાકમાંથી સંસદમાં ફક્ત ૧૮ કલાક જ કાર્યવાહી ચાલી છે. પેગાસસ મામલે ચર્ચા અને તપાસની વિપક્ષની માંગ પર હોબાળાના કારણે ૮૯ કલાક બરબાદ થયા.સરકારી સૂત્રો પ્રમાણે આ પ્રક્રિયામાં અત્યાર સુધી ૧૩૩ કરોડ રૂપિયા બરાબર થઈ ચૂક્યા છે. અત્યારે હોબાળો ઓછો થાય તેના અણસાર પણ જોવા મળી રહ્યા નથી. આનું કારણ છે કે વિપક્ષ એક એવા વિષય પર ચર્ચા કરવા જીદે ચડ્યું છે જેને સરકાર મુદ્દો જ નથી માની રહી. ૧૯ જુલાઈના ચોમાસુ સત્ર શરૂ થયા બાદથી લોકસભાના સંભવિત ૫૪માંથી લગભગ ૭ કલાકમાં કામ થયું છે. તો રાજ્યસભામાં સંભવિત ૫૩ કલાકમાંથી ૧૧ કલાક કાર્યવાહી ચાલી છે.વિપક્ષે એ સ્પષ્ટ કરી દીધું છે કે જ્યારે સરકાર પેગાસસ વિવાદ પર ચર્ચા કરવાની તેમની માંગ માની લેશે ત્યારે ગૃહની કાર્યવાહી કોઈપણ અડચણ વગર ચાલી શકશે. જો કે સરકારે કહ્યું છે કે, કોવિડ-૧૯ સંકટ જેવા મુદ્દા વધારે મહત્વના છે. પેગાસસ વિવાદ કાલ્પનિક અને બિનજરૂરી મુદ્દો છે. સંસદીય કાર્યમંત્રી પ્રહલાદ જોશીએ પણ કહ્યું હતું કે, વિપક્ષી દળ પેગાસસ વિવાદ પર આઈટી મંત્રી અશ્વિની વૈષ્ણવ પાસેથી વધુ જાણકારી માંગી શકે છે.લોકસભાએ અત્યાર સુધી ૫ બિલ પસાર કર્યા છે. આ બિલ પર ચર્ચા કરવામાં કુલ ૪૪ મિનિટનો સમય લાગ્યો. રાજ્યસભાએ આ સત્રમાં અત્યાર સુધી કુલ ૩ બિલ પસાર કર્યા છે. આમાં કુલ સમય એક કલાકથી થોડોક વધારે રહ્યો. ઉલ્લેખનીય છે કે વર્તમાન સત્રમાં ચાલી રહેલા હોબાળાથી વિપરીત આ વર્ષે બજેટ સત્રમાં રેકૉર્ડ પ્રોડક્ટિવિટી જોવા મળી હતી, જેમાં લોકસભાની પ્રોડક્ટિવિટી ૧૧૦% હતી, જ્યારે રાજ્યસભા માટે આ ૯૦% હતી.

## સરકાર એક્શન મોડમાં : પથ્થરબાજો અને દેશદ્રોહીઓને સરકારી નોકરી અને પાસપોર્ટ નહીં મળે

શ્રીનગર જમ્મુ-કાશ્મીરમાં હવે દેશદ્રોહીઓ અને પથ્થરબાજોએ મોટી કિંમત ચૂકવવી પડશે. સરકારે આમની પર ગાળિયો કસવા માટે એક આદેશ જાહેર કર્યોછે. આ અંતર્ગત દેશની વિરુદ્ધ નારેબાજી કરનારા અને પથ્થરબાજી કરનારાઓને સરકારી નોકરી નહીં આપવામાં આવે. સાથે જ આવા લોકોના પાસપોર્ટ પર પણ પ્રતિબંધ લગાવવામાં આવશે. ટોચના સરકારી અધિકારીઓએ જણાવ્યું કે, સીઆઈડીની ખાસ શાખાએ તમામ યુનિટ્સને આ અનુસંધાનમાં આદેશ જારી કરી દીધા છે. આ અંતર્ગત કહેવામાં આવ્યું છે કે જે લોકોથી રાજ્યની કાયદા વ્યવસ્થાને જોખમ છે તેમની પર નજર રાખવામાં આવે.કહેવામાં આવી રહ્યું છે કે, આવા લોકો પર ગાળિયો કસવા માટે તમામ ડિજિટલ પુરાવા અને પોલીસ રેકોર્ડને ધ્યાનમાં રાખવામાં આવશે. આ પહેલા કેન્દ્રશાસિત પ્રદેશ વહીવટી તંત્રએ જમ્મુ-કાશ્મીર સિવિલ સેના નિયમોમાં સંશોધન કર્યુંહતું, જેમાં કહેવામાં આવ્યું હતું કે સરકારી નોકરી મેળવવા માટે એક સંતોષજનક સીઆઈડી રિપોર્ટ હોવો જરૂરી છે. આ પહેલા એક સમાચારપત્રમાં જણાવવામાં આવ્યું હતું કે, લોકો માટે એ જણાવવું જરૂરી હશે કે શું પરિવારનો કોઈ સભ્ય અથવા નજીકનો સંબંધી કોઈ રાજકીય પાર્ટી અથવા સંગઠન સાથે જોડાયેલો છે?અથવા કોઈ રાજકીય ગતિવિધિમાં ભાગ લીધો છે? અથવા કોઈ વિદેશી મિશન અથવા સંગઠનની સાથે સંબંધ છે? અથવા જમાત-એ-ઈસ્લામી જેવી કોઈ નિર્ધારિત/પ્રતિબંધિત/ પ્રતિબંધિત સંગઠનથી સંબંધ તો નથી? નવા સંશોધન પ્રમાણે સેવારત કર્મચારીઓને સીઆઈડીથી ફરીવાર ખાતરી કરવાની જરૂરીયાતના મામલે અનેક જાણકારીઓ આપવી પડશે. આ અંતર્ગત નિયુક્તિની તારીખથી લઈને પોસ્ટિંગ અથવા પદોન્નતિનું વિવરણ આપવું પડશે.આ ઉપરાંત કોઈના માતા-પિતા, પતિ અથવા પત્ની, બાળકો અને સાવકા પિતાની નોકરીનું વિવરણ આપવાનું રહેશે. ૨૦૨૦માં કેન્દ્રીય મંત્રીમંડળે જમ્મુ અને કાશ્મીર પુનઃગઠન અધિનિયમ, ૨૦૧૯ની કલમ ૯૬ હેઠળ જારી જમ્મુ અને કાશ્મીર બીજો આદેશ, ૨૦૨૦ને મંજૂરી આપી હતી.

## PM મોદી આજે ડિજિટલ પેમેન્ટ પ્લેટફોર્મ e-RUPI લોન્ચ કરશે



ન્યુ દિલ્હી વડાપ્રધાન નરેન્દ્ર મોદી આવતીકાલે ૨ ઓગસ્ટના રોજ વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા e-RUPI ડિજિટલ પેમેન્ટ પ્લેટફોર્મ લોન્ચ કરશે. e-RUPI એ પ્રિપેઈડ ઈ-વાઉચર છે. જે એનપીસીઆઈ દ્વારા વિકસાવવામાં આવ્યુંછે. આ ડિજિટલ પેમેન્ટ પ્લેટફોર્મ ચૂકવણીને સંપૂર્ણપણે કેશલેસ અને કોન્ટેક્ટલેસ બનાવશે.e-RUPI ક્યુઆર કોડ અથવા એસએમએસ સ્ટ્રિંગ પર આધારિત ઈ-વાઉચર તરીકે કાર્ય કરે છે, જે લાભાર્થીઓના મોબાઈલ ફોનમાં પહોંચાડવામાં આવે છે. e-RUPI પ્લેટફોર્મ વપરાશકર્તાઓને કાર્ડ, ડિજિટલ પેમેન્ટ એપ અથવા ઈન્ટરનેટ બેંકિંગ એક્સેસ કર્યા વગર વાઉચરને રિડીમ કરવાની મંજૂરી આપશે.આ ડિજિટલ પ્લેટફોર્મ ખાતરી કરે છે કે, ટ્રાન્ઝેક્શન પૂર્ણ થયા બાદ જ સર્વિસ પ્રોવાઈડરને ચૂકવણી કરવામાં આવે છે. પ્રીપેડ હોવાથી તે કોઈપણ મધ્યસ્થીની સંડોવણી વિના સેવા પ્રદાતાને સમયસર ચૂકવણીની ખાતરી આપેછે.

## ચીનમાં ફરી કોરોનાનો કહેર, વુહાનથી પણ ખરાબ સ્થિતિમાં નાનજિંગ શહેર

બેઈજિંગ, ચીનના વુહાનમાં કોરોના વાયરસનો પ્રથમ કેસ સામે આવ્યો હતો, જે બાદ અહીં સખત પ્રતિબંધો લાગુ કરાયા હતા. હવે ચીનના નાનજિંગ શહેરમાં એક વખત ફરી કોરોના વાયરસનો કહેર વર્તાઈ રહ્યો છે. સ્થાનિક મીડિયા અનુસાર, અહીં સ્થિતિ વુહાન કરતાં પણ ખરાબ થઈ ગઈ છે. વાયરસ નાનજિંગથી ચીનના પાંચ પ્રાંતો અને બેઈજિંગ સુધી પહોંચી ગયો છે.નાનજિંગ શહેરમાં ૨૦ જુલાઈએ કોરોના વાયરસનો નવો કેસ મળ્યો હતો. જે બાદ ચીને અહીં સખત પ્રતિબંધો લાગુ કર્યા હતા. સ્થાનિક મીડિયા અનુસાર, ૧૧ ઓગસ્ટ સુધી નાનજિંગ એરપોર્ટની તમામ ફ્લાઈટ્સ રદ કરાઈ હતી અને શહેરમાં કોરોનાની તપાસ શરૂ કરાઈ હતી.શહેરમાં ૯૩ લાખની વસ્તી છે અને આ તમામની કોરોના તપાસ કરાશે. આમાં તે લોકો પણ સામેલ થશે જે લોકો આ થોડા સમય માટે આ શહેરમાં આવ્યા છે. જ્યારે તંત્રે કોરોનાની તપાસ કરાવવા જઈ રહેલાં લોકોને માસ્ક પહેરવા અને એક મીટરનું અંતર રાખવા અપીલ કરી છે. સાથે જ જણાવ્યું છે કે, લાઈનમાં ઉભા રહેતાં સમયે કોઈની સાથે વાત ન કરો.સ્થાનિક અધિકારીઓનું કહેવું છે કે, નાનજિંગ શહેરમાં કોરોના સંક્રમણ ઝડપથી ફેલાવવા પાછળ ડેલ્ટા વેરિયન્ટનો હાથ છે. આ ઉપરાંત નાનજિંગ એરપોર્ટ સૌથી વ્યસ્ત એરપોર્ટમાંથી એક છે. અહીં વાયરસને પ્રથમ કેસ એરપોર્ટ પર જ મળ્યો હતો. નાનજિંગ સ્વાસ્થ્ય અધિકારી અનુસાર, પ્રથમ વખત આ વાયરસ એરપોર્ટ પર કામ કરનારા ક્લીનર્સમાં મળ્યો હતો, જેણે રૂસથી આવેલા એક વિમાનની સફાઈ કરી હતી. હવે જાણવા મળી રહ્યું છે કે, આ વાયરસ ચીનની રાજધાની બેઈજિંગ અને ચેંગદુ સહિત ૧૩ શહેરોમાં ફેલાઈ ગયો છે.

## સીપ્લેન નિયમિત રીતે ઉડે એટલે રિવરફ્રન્ટ પર વધુ ૧૦ લાખના ખર્ચે મોનિટરિંગ સ્ટેશન બનશે

અમદાવાદ, સાબરમતી રિવરફ્રન્ટથી કેવડિયા ખાતે સ્ટેચ્યુ ઓફ યુનિટી વચ્ચે દેશની પ્રથમ સી પ્લેન સેવા શરું કરવામાં આવી હતી. હાલ કામચલાઉ ધોરણે બંધ કરવામાં આવેલી આ સર્વિસને ફરી શરું કરતા પહેલા તેના બંને તરફના એરોડ્રોમ પર એરક્રાફ્ટ મોનિટરિંગ સ્ટેશન બનાવવામાં આવશે. ગુજરાતના નાગરિક ઉડ્ડયન વિભાગ દ્વારા રિવરફ્રન્ટ પર હાલના વોટર એરોડ્રોમ ઓપરેશન સેન્ટરની ઉપર એક વધારાનું શેડ બનાવામાં આવશે જેથી ફ્લાઈટના ટેકઓફ અને લેન્ડિંગમાં સરળતા રહે.સૂત્રોએ જણાવ્યું હતું કે સી પ્લેન સેવા હાલમાં સ્થગિત છે અને સપ્ટેમ્બરમાં ફરી શરૂ થવાની શક્યતા છે. આ સેવા માટે મોનિટરીંગ પોસ્ટની જરૂરિયાત સમજાવતા એક અધિકારીએ કહ્યું કે સી પ્લેનનું સંચાલન વિઝ્યુઅલ ફ્લાઈટ રૂલ્સ પર આધારિત છે. તેનો સીધો અર્થ એ છે કે વિમાન તેને ચલાવનાર ને સ્પષ્ટ દેખાય તેવી હવામાન પરિસ્થિતિઓમાં કાર્ય કરે છે. વાદળો, વરસાદ, ધુમ્મસ, લો વિઝિબિલિટી અને પ્રતિકૂળ હવામાન દરમિયાન આ સેવામાં અવરોધ ઉભા થાય છે.વોટર એરોડ્રોમમાં પહેલેથી જ હવામાન મોનિટર, બિકન, લેન્ડિંગ-ટી અને વિન્ડસોકથી સજ્જ એરક્રાફ્ટ મોનિટરિંગ સ્ટેશન છે. જો કે, હાલમાં જે ઊંચાઈ પર છે તે પક્ષીઓની હિલચાલ પર નજર રાખવા માટે યોગ્ય નથી. તેથી આ જ સ્થળે ઉપર પ્લેનના માર્ગમાં આવતા અવરોધો પર નજર રાખવા માટે એલિવેટેડ કેબિન બનાવવામા આવશે. તેના માટે ૧૦ લાખ રૂપિયાના રોકાણની જરૂર પડશે.નવા સ્ટેશનના નિર્માણ માટે તાજેતરમાં ટેન્ડર બહાર પાડવામાં આવ્યું હતું અને રસ ધરાવતી પાર્ટીને આમંત્રિત કરવામાં આવી હતી. અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર એર ટ્રાફિક કંટ્રોલર તરફથી કોમ્યુનિકેશન્સ, નેવિગેશન એન્ડ સર્વેલન્સ સિસ્ટમ્સ અને સંબંધિત મોનિટરિંગ ચાલુ રહેશે. સુસ્થાપિત સૂત્રોએ જણાવ્યું હતું કે પાલિતાણા નજીક શેત્રુંજય ડેમ પર વોટર એરોડ્રોમ સ્થાપિત કરવા માટે ૨ એકરના પ્લોટને પણ સરકાર દ્વારા પસંદ કરવામાં આવ્યો છે.

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

ધી દુધીયા સેવા સહ મંડળી લી.
મુ. નાનામાળ, તા.લીમખેડા

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

શ્રી અકુભાઈ નાથાભાઈ મોહનીયા
મુ.ખીરખાઈ, તા. લીમખેડા

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

રાવત ક્રિષ્નાકુમારી નવલસિંહ
મુ. માન્વલી, નિશાળ ફળીયું, તા. લીમખેડા.

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

શ્રી પ્રાણનાથ બચત જુથ
મુ. કંબોઈ, તા. લીમખેડા

# ૩જી ઓગસ્ટ દાહોદમાં મુખ્યમંત્રીની હાજરીમાં જીલ્લા કલ્યાણ કાર્યક્રમ યોજાશે

દાહોદ,

ભાજપ સરકારના પાંચ વર્ષો પુર્ણ થતાં દાહોદ આગામી ૦૩જી ઓગષ્ટના રોજ ગુજરાતના મુખ્યમંત્રી સહિત આગેવાનો પધારવાના છે અને તારીખ ૦૧ થી ૦૩ ઓગષ્ટ સુધી દાહોદ જિલ્લામાં જનકલ્યાણ કેન્દ્રિત વિવિધ કાર્યક્રમોમાં પણ યોજાનાર છે ત્યારે દાહોદ જિલ્લા કોંગ્રેસ સમિતિ પણ મેદાનમાં ઉતરી છે અને ભાજપના પાંચ વર્ષની ઉજવણીનો ભારે વિરોધ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. વધતાં જતાં પેટ્રોલ – ડિઝલના ભાવો, જીવન જરૂરીયાતની ચીજવસ્તુઓમાં ભાવ વધારોના મુદ્દાઓને લઈ દાહોદ જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા વિરોધ પ્રદર્શન કરનાર છે . આજે પ્રથમ દિવસે શિક્ષણ બચાવો અભિયાન અંતર્ગત આજે દાહોદ નગરપાલિકા ચોક ખાતે વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યો હતો. કોંગ્રેસ સમિતિના આગેવાનો સહિત કાર્યકરોએ શિક્ષણ મુદ્દે વિરોધ નોંધાવી સુત્રોચ્ચારો પણ કર્યા હતાં.

આજરોજ દાહોદ નગરપાલિકા ચોક ખાતે દાહોદ જિલ્લા કોંગ્રેસ સમિતિના આગેવાનોમાં દાહોદના ધારાસભ્ય વજુભાઈ પણદા સહિત તેમની આગેવાનીમાં તેમના કાર્યકરો વિગેરે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં તેઓની પાસેથી જાણવા મળ્યાં અનુસાર, ભાજપની સરકારમાં પેટ્રોલ – ડિઝલ, ખાતર, શિક્ષણ, જીવન જરૂરીયાતની ચીજવસ્તુઓના ભાવોમાં ઘરખમ થયો છે. ભાજપની સરકારના પાંચ વર્ષો પુર્ણ થતાં ભાજપ સરકાર દ્વારા પ્રજાના જ પૈસે ખોટા તાયફાઓ કરી રહ્યાં હોવાના આક્ષેપો પણ દાહોદ જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા કરવામાં આવ્યાં છે. સરકાર માત્રને માત્ર પ્રજાને ખોટા વાયદાઓ અને પ્રજાને ગેરમાર્ગે દોરી રહી હોવાના આક્ષેપો પણ કોંગ્રેસ સમિતિ દ્વારા કરવામાં આવ્યાં હતાં ત્યારે ગુજરાતમાં ભાજપ સરકારના પાંચ વર્ષો પુર્ણ થતાં વિવિધ કાર્યક્રમોની પણ રૂપરેખા તૈયાર કરવામાં આવી છે ત્યારે દાહોદ જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા પણ સરકાર વિરોધી તારીખ ૦૧ થી ૦૯ તારીખ સુધી વિવિધ વિરોધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. આજે તારીખ ૦૧ ઓગષ્ટના રોજ શિક્ષણ બચાવો અભિયાન મુદ્દે વિરોધ નોંધાવ્યો હતો. તારીખ ૦૨ ઓગષ્ટના રોજ સંવેદનહીન સરકાર, આરોગ્ય બચાવો અભિયાન, તારીખ ૦૩ ઓગષ્ટના રોજ અન્ન અધિકારી અભિયાન, તારીખ ૦૪ ઓગષ્ટના રોજ મહિલા સુરક્ષા અભિયાન, તારીખ ૦૫ ઓગષ્ટના રોજ ખેડુત ખેતી બચાવો અભિયાન, તારીખ ૦૬ બેરોજગારી હટાવો અભિયાન, તારીખ ૦૭ વિકાસ કોનો? વિકાસ ખોજ અભિયાન, તારીખ ૦૮ જન અધિકારી અભિયાન અને તારીખ ૦૯મી ઓગષ્ટના રોજ સામાજી ક્રાંતિ અભિયાન આમ, નવ દિવસ સુધી દાહોદ જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા વિવિધ મુદ્દે વિરોધ પ્રદર્શન કરનાર હોવાનું જાણવા મળી રહ્યું છે.

## સંજેલીમાં જ્ઞાનશક્તિ દિવસની ઉજવણી કરવામાં આવી હતી



તસ્વીર : ફરહાન પટેલ, સંજેલી

સંજેલી,

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વમાં રાજય સરકાર પાંચ વર્ષ પૂર્ણ થવાના અવસરે યોજાનારા વિવિધ કાર્યક્રમો અંતર્ગત આજ રોજ જ્ઞાનશકિત દિવસ નિમિત્તે સંજેલીમાં કુમાર શાળા,કન્યા શાળામાં અને વિજ્ઞાન પ્રવાહનીની અગિયાર ૧૨ માં ધોરણની સ્કૂલમાં ઉજવણી કરી હતી. આ સંદર્ભે સંજેલી સાયન્સ સ્કૂલમાં પ્રયોગ શાળાનું ઉદ્દઘાટન કરવામાં આવ્યું હતું જેમાં બાળકોને વિવિધ માર્ગદર્શન આપ્યું હતું. બાળકો લાભાર્થે માટે પ્રયોગ શાળાનું ઉદ્દઘાટન કર્યું હતુ આ પ્રસંગે જિલ્લા મહિલા મંત્રી રૂચિતાબેન રાજ, સંજેલી સરપંચ કિરણભાઈ રાવત, ભાજપા મંડળ ઉપપ્રમુખ સુરેન્દ્રસિંહ સોલંકી (જગ્ગુબાપુ) પૂર્વ સરપંચ રાજેશભાઈ ડામોર, પૂર્વ ચેરમેન નટુભાઈ સબુર સ્કૂલનાના શિક્ષક મિત્રો આચાર્ય હાજર રહ્યા હતા.

## જ્ઞાનશકિત દિવસે દાહોદની ગવર્મેન્ટ એન્જિનિયરિંગ કોલેજ ખાતે કાર્યક્રમ યોજાયો



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીના નેતૃત્વમાં રાજય સરકાર પાંચ વર્ષ પૂર્ણ થવાના અવસરે યોજાનારા વિવિધ કાર્યક્રમો અંતર્ગત આજ રોજ જ્ઞાનશકિત દિવસ નિમિત્તે દાહોદની એન્જિનિયરિંગ કોલેજ ખાતે કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમ દાહોદ નગરપાલિકા પ્રમુખ રીનાબેન પંચાલ અને કલેક્ટર ડો. હર્ષિત ગોસાવીની વિશેષ ઉપસ્થિતિમાં યોજાયો હતો.

દાહોદ નગરપાલિકાના પ્રમુખ રીનાબેન પંચાલે જણાવ્યું કે, મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીના નેતૃત્વમાં રાજય સરકારે પાંચ વર્ષ પૂર્ણ કર્યા છે ત્યારે રાજય આફતભર્યા સમયમાં પણ સતત પ્રગતિના પંથે છે તે મુખ્યમંત્રીના ર્નિણાયક નેતૃત્વ અને જનહિતલક્ષી નિર્ણયોને જ આભારી છે. આ પાંચ વર્ષમાં દાહોદ જિલ્લાએ પણ ઘણાં ક્ષેત્રોમાં સફળતાના નવા શિખરો સર કર્યા છે. જિલ્લામાં પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચ તેમજ ટેકનીકલ શિક્ષણમાં વિકાસના નવા આયામો ઉમેરાતા રહ્યાં છે. આજે દાહોદના વિદ્યાર્થીઓને દરેક ક્ષેત્રે ઉજ્જ્વળ કારકિર્દી ઘડતા જોઇ શકાય છે. આ પ્રસંગે નગરપાલિકા પ્રમુખ સુ પંચાલે સરકારની શિક્ષણ ક્ષેત્રની વિવિધ યોજનાઓ વિશે માહિતી આપી હતી. તેમણે મહાવિદ્યાલયોના આચાર્યઓએ સેમીનાર–કેમ્પસ કરીને વિદ્યાર્થીઓને સરકારની વિવિધ યોજનાઓ વિશે માહિતી આપવી જોઇએ તેવું સૂચન કર્યુ હતું. તેમણે ઉમેર્યું કે, શિક્ષણએ રાજય સરકારની પ્રથમ પ્રાથમિકતા રહી છે એટલા માટે જ પ્રથમ દિવસ જ્ઞાનશકિત દિવસ તરીકે વિવિધ કાર્યક્રમો યોજાઇ રહ્યાં છે. કલેકટર ડો. હર્ષિત ગોસાવીએ આ પ્રસંગે જણાવ્યું કે, દાહોદ જિલ્લામાં શિક્ષણ એ મહત્વાંકાક્ષી જિલ્લા તરીકે એક અગત્યની પ્રાથમિકતા છે અને જિલ્લામાં વિદ્યાર્થીઓ ઉજ્જ્વળ કારકિર્દી ઘડી શકે એ માટેની તમામ સુવિધાઓ નિશ્ચિંત કરવામાં આવી છે. રાજય સરકારની વિવિધ યોજનાઓ થકી વિદ્યાર્થીઓ સામર્થવાન બને અને ઉમદા કારકિર્દી ઘડે એ માટે વહીવટીતંત્ર સતત પ્રયાસરત છે. આ અવસરે તેજસ્વી વિદ્યાર્થીઓને રાજય સરકારની વિવિધ યોજનાઓ અંતર્ગત સહાય આપવામાં આવી હતી. જેમાં ૫ વિદ્યાર્થીઓને નમો ઇ ટેબ્લેટ, ૯ વિદ્યાર્થીઓને મુખ્યમંત્રી શોધ યોજના તેમજ ૮ વિદ્યાર્થીઓને મુખ્યમંત્રી યુવા સ્વાવંલબન યોજના અંતર્ગત સહાય આપવામાં આવી હતી. આ પ્રસંગે પ્રાંત અધિકારી એમ.એમ. ગણાસવા, ગવર્મેન્ટ એન્જિનિયરિંગ કોલેજના આચાર્ય ડો. પી.કે. બ્રહ્મભટ્ટ, ગવર્મેન્ટ પોલીટેકનીક કોલેજના આચાર્ય આર.એમ. પટેલ તેમજ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યાં હતા.



# પંચમહાલ જિલ્લામાં જ્ઞાનશક્તિ દિવસની ઉત્સાહભેર ઉજવણી

## ઘોઘંબા તાલુકામાં ભીલોડ ખાતે ધારાસભ્યની અધ્યક્ષતામાં જિલ્લાકક્ષાનો ઉજવણી કાર્યક્રમ યોજાયો



- જિલ્લામાં ૧૯ શાળાનાં ૯૫ વર્ગખંડો, ૦૨ હોસ્ટેલ બિલ્ડિંગ, ૧૨૬ જ્ઞાનકુંજ પ્રોજેક્ટના કુલ ૩૮૮ વર્ગખંડો, ૦૩ શાળાઓમાં આઈસીટી કોમ્પ્યુટર લેબ સહિત
- કુલ રૂ. ૧૯૮૦.૭૨ લાખની શૈક્ષણિક સુવિધાઓનું લોકાર્પણ.

ગોધરા, મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વ હેઠળની સંવેદનશીલ સરકારના પાંચ વર્ષ પૂર્ણ થવા નિમિત્તે સેવાઓનો વ્યાપ વધારવાના હેતુ સાથે નવદિવસીય પ્રજાલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. આ અભિયાનના પ્રથમ દિવસે આજે પંચમહાલ જિલ્લામાં પાંચ સ્થળોએ જ્ઞાનશક્તિ દિવસની ઉજવણી કરવામાં આવી હતી, જે અંતર્ગત ઘોઘંબા તાલુકાના ભીલોડ ખાતે જિલ્લા કક્ષાની ઉજવણી કાલોલના ધારાસભ્યસુ સુમનબેન ચૌહાણના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. આ ઉપરાંત, ઘોઘંબા તાલુકાના કણબીપાલ્લી ખાતે જિલ્લા પંચાયત પ્રમુખ કુ. કામિનીબેન સોલંકી, ગોધરા તાલુકાના ખજૂરી ખાતે શહેરાના ધારાસભ્ય જેઠાભાઈ આહીર તેમજ મોરવા હડફ તાલુકાના સાલિયા ખાતે ધારાસભ્યસુ નિમિષાબેન સુથારના અધ્યક્ષસ્થાને જ્ઞાનશક્તિ દિવસની ઉજવણી કાર્યક્રમ યોજાયા હતા. આ કાર્યક્રમોમાં જિલ્લાની કુલ ૧૯ શાળાના ૯૫ વર્ગખંડો, ૦૨ હોસ્ટેલ બિલ્ડિંગ, ૧૨૬ જ્ઞાનકુંજ પ્રોજેક્ટના કુલ ૩૮૮ વર્ગખંડો, ૦૩ શાળાઓમાં આઈસીટી કોમ્પ્યુટર લેબ એમ કુલ મળી રૂ. ૧૯૮૦.૭૨ લાખની શૈક્ષણિક સુવિધાઓનું લોકાર્પણ ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે કરવામાં આવ્યું હતું. ભીલોડ ખાતે યોજાયેલ જિલ્લાકક્ષાના ઉજવણી કાર્યક્રમના અદયક્ષસ્થાનેથી પોતાના સંબોધનમાં કાલોલ ધારાસભ્યસુ સુમનબેન ચૌહાણે જણાવ્યું હતું કે સંવેદનશીલ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલની પ્રગતિશીલ સરકારે દ્રઢ રાજકીય ઈચ્છાશક્તિથી સંવેદનશીલ, પરિણામલક્ષી, નિર્ણાયક અભિગમ દાખવી જન-જનને પારદર્શક શાસનની પ્રતીતિ કરાવી છે. રાજ્યમાં શિક્ષણક્ષેત્રે મુખ્યમંત્રીના નેતૃત્વ હેઠળ સરકારે અનેક વિદ્યાર્થી હિતલક્ષી નિર્ણયો કરવા સાથે શ્રેષ્ઠ શૈક્ષણિક સંસાધનો ઉપલબ્ધ કરાવવાની દિશામાં કામગીરી કરી આંતરમાળખાકીય સુવિધાઓમાં સતત વધારો કર્યો છે. જ્ઞાનશક્તિ દિવસની ઉજવણી નિમિત્તે જિલ્લામાં ઉમેરાયેલી શૈક્ષણિક સુવિધાઓનો ઉલ્લેખ કરતા જિલ્લાના વિદ્યાર્થીઓ તેનાથી લાભાન્વિત થશે તેનો આનંદ પણ તેમણે વ્યક્ત કર્યો હતો. કાર્યક્રમમાં જિલ્લા વિકાસ અધિકારી અર્જુનસિંહ બી.રાઠોડે પોતાના પ્રાસંગિક સંબોધનમાં શિક્ષણક્ષેત્રે જિલ્લામાં ઉપલબ્ધ કરાવાયેલ સુવિધાઓ અને વિદ્યાર્થીઓને કઈ રીતે મદદરૂપ થશે તે અંગે વાત કરી હતી. શિક્ષણને આધુનિક સમયનું સાચુ ધન ગણાવતા તેમણે શિક્ષકોને બાળકોનો શ્રેષ્ઠ શિક્ષણ સાથે સર્વાંગી વિકાસ થાય તે દિશામાં કામગીરી સુનિશ્ચિત કરવા અપીલ કરી હતી. આ પ્રસંગે ઘોઘંબા તાલુકા પંચાયત પ્રમુખ રંગેશ્વરીબેન રાઠવા, જિલ્લા ભાજપ પ્રમુખ અશ્વિનભાઈ પટેલ, પ્રાથમિક શિક્ષણાધિકારી વી.એમ. પટેલ સહિતના વરિષ્ઠ અધિકારીઓ તેમજ સ્થાનિક આગેવાનો સોશિયલ ડિસ્ટન્સિંગના પાલન સાથે સહભાગી થયા હતા.

## બનાસ ડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરીના અધ્યક્ષસ્થાને ગોધરામાં ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી ખાતે કાર્યક્રમ યોજાયો



ગોધરા, પાંચ વર્ષ આપણી સરકારના, સૌનો સાથ-સૌનો વિકાસના ઉજવણી અંતર્ગત આજે પંચમહાલ જિલ્લામાં પણ પાંચ સ્થળોએ જ્ઞાનશકિત દિવસ અંતર્ગત શિક્ષણલક્ષી કાર્યક્રમો યોજાયા હતા. જે પૈકી ગોવિંદગુરૂ યુનિવર્સિટી, ગોધરા ખાતે સ્ટેટ યુનિવર્સિટી કક્ષાનો કાર્યક્રમ કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે ૫ વિદ્યાર્થીઓને નમો ઈ-ટેબ્લેટ, શોધ નિબંધો માટે ૯ વિદ્યાર્થીઓને સ્કોલરશીપ, મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત ૧૦ લાભાર્થીઓને લાભોનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કાર્યક્રમને સંબોધતા શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે જ્ઞાનશક્તિ દિવસની ઉજવણી એ ઉજવણી નથી પરંતુ વ્યકિતગત અને સામૂહિક વિકાસમાં પાયાનું પરિબળ એવા શિક્ષણનું મહત્વ સમજતી સરકાર દ્વારા શિક્ષાક્ષેત્રે કાર્યાન્વિત યોજનાઓનો વ્યાપ વધારી મહત્તમ લાભાર્થીઓ સુધી લાભો પહોંચાડવાનો એક પ્રયાસ છે. શિક્ષણને વધુ ગુણવત્તાયુક્ત, વધુ સુલભ, વધુ રોજગારલક્ષી બનાવવા, કૌશલ્યવર્ધનલક્ષી બનાવવા છેલ્લા ૨૫ વર્ષમાં સરકારે અમલી કરેલા પગલાઓ અને તેની હકારાત્મક અસરોની વાત કરતા તેમણે જણાવ્યું હતું કે ઉચ્ચ અને કન્યા શિક્ષણક્ષેત્રે ઘટેલો ડ્રોપ-આઉટ રેશિયો આ વાતની સાબિતી છે. ઉચ્ચશિક્ષણક્ષેત્રે સંશોધનોનું મહત્વ સમજી માહિતી કેન્દ્રિત શિક્ષણના બદલે સંશોધનકેન્દ્રિત શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે રૂ. ૧૫ હજારની માસિક સહાય શરૂ કરી છે, જે ગુજરાતમાં રિસર્ચક્ષેત્રે સાનૂકુળ વાતાવરણ સર્જશે. નમો ઈ-ટેબ્લેટ જેવી યોજનાઓથી સરકાર ઉચ્ચશિક્ષણના વિદ્યાર્થીઓને શ્રેષ્ઠ કક્ષાના સંસાધનો પૂરા પાડવા પ્રયાસરત છે, જેમ ચૌધરીએ ઉમેર્યું હતું. તેમણે સ્કોલરશીપ મેળવનાર વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવતા જણાવ્યું હતું કે સમાજોપયોગી સંશોધનો દ્વારા તેઓ કારકિર્દી નિર્માણની સાથે સમાજની સેવા પણ કરી શકે છે. તેમણે ગોવિંદગુરૂ યુનિવર્સિટી પંચમહાલ અને પડોશી જિલ્લાઓમાં ઉચ્ચશિક્ષણનું સ્તર ઉપર લાવવામાં નિર્ણાયક સાબિત થશે તેમ જણાવતા માત્ર પાંચ વર્ષ પહેલા શરૂ થઈ હોવા છતા વિદ્યાર્થીઓ માટે ઉપલબ્ધ કરાયેલ સુવિધાઓ બદલ અભિનંદન પાઠવ્યા હતા.

પંચમહાલ સાંસદ રતનસિંહ રાઠોડે પોતાના પ્રાંસગિક પ્રવચનમાં કોરોના સંક્રમણના કારણે શાળાઓ/કોલેજો બંધ હોવા છતા સરકાર દ્વારા વિદ્યાર્થીઓનું શિક્ષણ યથાવત રહે તે માટે સરકારે લીધેલા આવકારદાયક નિર્ણયો-પગલાઓ વિશે વાત કરતા ઓનલાઈન માદયમ અને વિદ્યાર્થીઓને જરૂર પડયે શેરી શિક્ષણથી ભણાવવાના પ્રયાસોની પ્રશંસા કરી હતી. ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના કુલપતિ પ્રોફેસર પ્રતાપસિંહ ચૌહાણે ઉપસ્થિત મહેમાનોનું શાબ્દિક સ્વાગત કરતા કાર્યક્રમમાં તેમને આવકાર્યા હતા, જયારે કુલસચિવ અનિલ સોલંકીએ આભારવિધી કરી હતી. ઉપસ્થિત મહાનુભાવોએ ઓનલાઈન માદયમથી ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના અદયક્ષસ્થાને યોજાયેલ કાર્યક્રમને લાઈવ નિહાળ્યો હતો. આ પ્રસંગે જિલ્લા કલેક્ટર સુજલ મયાત્રા, ગોધરાના ધારાસભ્ય સીકે રાઉલજી સહિતના મહાનુભાવો તેમજ કોલેજના વિદ્યાર્થીઓ-આચાર્યો, પ્રાદયપકો સોશિયલ ડિસ્ટન્સિંગ સાથે ઉપસ્થિત રહ્યા હતા. મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વ હેઠળ સંવેદનશીલ સરકારના પાંચ વર્ષ પૂર્ણ થવા નિમિત્તે રાજ્યભરની જેમ પંચમહાલ જિલ્લામાં પણ ૯ ઓગસ્ટ સુધી વિવિધ પ્રજાલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

## વેજલપુર ગ્રામ પંચાયતના ખોટા દાખલાના આધારે જમીન માલીક બની બેઠેલા સામે લેન્ડ ગ્રેબિંગ એકટ મુજબ ગુનો નોંધાયો

- વેજલપુર ગ્રામ પંચાયત એ કયા આધારે ખોટો દાખલો લખી આપ્યો તે તપાસનો વિષય.
- શું વેજલપુર ગ્રામ પંચાયત એ ખોટો દાખલો લખી આપ્યો છે. તો વેજલપુર ગ્રામ પંચાયત સામે કાયદેસરની કાર્યવાહી થશે ખરી.
- શું વેજલપુર ગ્રામ પંચાયત એ આરીતે કેટલાક લોકોને ખોટા દાખલા લખી આપ્યા હશે તે પણ તપાસનો વિષય.

વેજલપુર, પંચમહાલ જિલ્લામાં જમીન માફિયા ઓમાં ફફડાટ કાલોલ તાલુકાના વેજલપુર ગામ મા વધુ એક કિસ્સો પ્રકાશમાં આવ્યો. વેજલપુર ગ્રામ પંચાયતના ખોટા દાખલાના આધારે જમીન માલીક બની બેઠેલા અને કબજો કરી રોફ જમાવતા પાંચ વ્યકિત સામે વેજલપુર પોલીસ સ્ટેશનમાં લેન્ડ ગ્રેબિંગ ૨૦૨૦ એક્ટ મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. પ્રાપ્ત માહિતી મુજબ વેજલપુર ગામ હદ વિસ્તારમાં આવેલ મેહલોલ ચોકડી પાસે આવેલ જી ટાઈલ્સ ફેક્ટરીના નામે ઓળખાતી જેના સર્વે નંબરો ૯૫૮,૯૬૧,૧૩૩૬,૧૩૩૪ વાળી મિલકતમાં વિનોદભાઈ જ્યંતીભાઈ દંતાણી નાઓએ નામદાર કાલોલ કોર્ટમાં ફરિયાદી તથા બીજા માણસો વિરોધમાં દાવો દાખલ કરેલ હતો. જેમાં તેઓએ જમીનમા પોતાનો કબજો દર્શાવતો વેજલપુર ગ્રામ પંચાયતનો દાખલો તેમજ અન્ય ખોટા દસ્તાવેજ રજુ કરેલ હતા અને કિરીટ હિંમતલાલ સોની નાઓએ સદર જમીન કબજો મારી પાસે છે અને માલીક પણ હુ છૂ તેમ કહી સદર જમીન કિરીટ હિંમતલાલ સોની ગેરકાયદેસર ભાડુ વસુલાત કરતા હતા અને વિનોદભાઈ દંતાણીને ભાડે આપી તે જમીનમાં ૧૨ બાર વર્ષ થી પાકું પતરાવાળું મકાન બનાવી બારી બારણાં અને જૂના લાકડા વેપાર કરતા હતા. જ્યારે ફરિયાદી એ સદર જમીન ખાલી કરવા કેહતા ગાળો બોલી મારી નાખવાની અને એટ્રોસીટી અને બળાત્કારના ગુનામાં સંડોવણી કરાવી દઈશું તેવી ધમકી આપી હતી. જેથી ફરીયાદી એ લેન્ડ ગ્રેબિંગ ૨૦૨૦ એકટ મુજબનો નવો કાયદો આવેલ હોય જે કાયદાના આધારે ફરિયાદી એ મેં કલેકટર પંચમહાલ ગોધરા નાઓને વિગત વાર ફરિયાદ કરી હતી. જેથી પંચમહાલ કલેકટર જ હુકમ નં જમનઃ૨/એસ આર ૧૦૩/૨૦૨૧વંશી૯૭૧ થી ૯૭૩ /૨૦૨૦ ના આધારે ફરિયાદ દાખલ કરવાનો હુકમ કરતા વેજલપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરાઈ.

## હાલોલ પાનેલાવા ગામે દિપડાને વન વિભાગે પાંજરે પૂર્યો



હાલોલ, હાલોલના પાનેલાવ ગામે દિપડા એ શ્વાનને શિકાર બનાવ્યો હતો અને છેલ્લા કેટલાક દિવસ થી આંટા મારતો હોય જેને લઈ વન વિભાગે દિપડાને પકડવા મુકેલ પાંજરામાં દિપડો ઝડપાઈ જતાં વન વિભાગે ધોબી કુવા ખાતે ખસેડયો.હાલોલ પાનેલાવ ગામમાં છેલ્લા કેટલાક દિવસ થી દિપડો શિકારીની શોધમાં ગામમાં આંટા ફેરે કરતો હોય જેને લઈ ગ્રામજનોમાં દહેશત ફેલાઈ હતી. દિપડા એ કુતરાનું મારણ કરેલ હતું. દિપડાની દહેશત થી ગ્રામજનો એ વન વિભાગે જાણ કરતા વન વિભાગ દ્વારા એગ્રો કંપની પાછળના ભાગે દિપડાને પકડવા પાંજરું ગોઠવ્યું હતું. જે પાંજરામાં દિપડો ઝડપાઈ ગયો હતો. વન વિભાગે દિપડાને પાવાગઢ ધોબી કુવા ખાતે રેસ્કયુ સેન્ટર ખાતે લાવવામાં આવ્યો હતો. પાનેલાવમાં આંટા મારતો દિપડાને ઝડપી લેતાં ગ્રામજનોએ હાશકારો લીધો છે.

## દર્પણ ચેરીટેબલ ટ્રસ્ટ હાલોલ દ્વારા પાનેલાવ પ્રાથમિક શાળા ખાતે વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો



હાલોલ, દર્પણ ચેરીટેબલ ટ્રસ્ટ હાલોલ દ્વારા હાલોલ તાલુકાની પાનેલાવ પ્રાથમિક શાળામાં વૃક્ષારોપણનો કાર્યક્રમ કરવામાં આવ્યો. જેમાં દર્પણ ચેરીટેબલ ટ્રસ્ટના સદસ્યો તેમજ પૂર્વ કારોબારી અધ્યક્ષ ગોધરા પંચમહાલના જશવંતસિંહ, કારોબારી અધ્યક્ષ તાલુકા પંચાયત હાલોલના રમેશભાઈ પરમાર, પાનેલાવ સરપંચ કિરણસિંહ ચૌહાણ, તલાટી, પાનેલાવ પ્રાથમિક શાળાના આચાર્ય હસમુખભાઈ જેઓની ઉપસ્થિતિમાં વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. હાલ ચાલી રહેલ કોરોનાની વૈશ્વિક મારામારીમાં ઓક્સિજનની વધુ માત્રામાં જરૂર પડી હતી. જેને લઈ સરકાર દ્વારા ઠેરઠેર ગામડાઓમાં વૃક્ષારોપણનો ઝુંબેશ ચલાવી રહ્યા છે. ત્યારે દર્પણ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા પણ વૃક્ષારોપણ ઝુંબેશ ચાલુ કર્યો છે. વધુ વૃક્ષો વાવવા થી ભરપૂર વરસાદ પડે છે. ભરપૂર ઑક્સિજન મળે છે. તેવા અનેક ફાયદા વૃક્ષોથી થાય છે. જેને લઈ દર્પણ ચેરીટેબલ ટ્રસ્ટ લોકોને અપીલ કરે છે કે એક ઘર એક વૃક્ષ તેઓ સંકેત રાખીને વૃક્ષો વાવીસું તો આવનાર સમયમાં ઓક્સિજનનો અભાવ ક્યારેય નઈ સર્જાય.

## શહેરાન મંગલપુર ગામેથી પ્રા.શાળાના ૩ નવિન ઓરડાનું લોકાપર્ણ



શહેરા, શહેરા ના મંગલપુર ગામની પ્રાથમિક શાળાના ત્રણ નવીન ઓરડાનુ લોકાર્પણ જિલ્લા પંચાયત સદસ્ય ભારતીબેન અને ગામના સરપંચ ભૂપતસિંહના હસ્તે કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે ગ્રામજનો અને શિક્ષણ પરિવાર ઉપસ્થિત રહયા હતા. શહેરા તાલુકાના મંગલપુર ગામ ખાતે લાખો રૂપિયાના ખર્ચે પ્રાથમિક શાળાના નવીન બનેલ ત્રણ ઓરડાનું લોકાર્પણ કાર્યકમ જિલ્લા પંચાયત સદસ્ય ભારતીબેન પટેલ અને ગ્રામ પંચાયતના સરપંચ ભૂપતસિંહ પટેલની અધ્યક્ષતામાં રાખવામાં આવ્યો હતો. શિક્ષણ પરિવાર અને ગ્રામજનોની ઉપસ્થિતિમાં જિલ્લા પંચાયત સદસ્ય ભારતીબેન પટેલ અને સરપંચ ભૂપતસિંહના વરદ હસ્તે રીબીન કાપીને ત્રણ નવીન બનેલ ઓરડાઓનું લોકાર્પણ કરવામાં આવેલ હતું. આ પ્રસંગે ગ્રામ પંચાયતના સરપંચ ભૂપતસિંહ પટેલએ જણાવ્યું હતું કે, ગામના બાળકોના હિત માટે લાખો રૂપિયાના ખર્ચે બનેલ ત્રણ નવી ઓરડાઓમાં વિવિધ સુવિધા સાથે અભ્યાસ અર્થે આવતા બાળકો શિક્ષણ મેળવશે અને આવનારા દિવસોમાં હાલ છે તેના કરતાં વધુ સુવિધા શાળાઓ ખાતે થાય તેવા મારા પ્રયાસો શરૂ છે. આ ગામ ખાતે આવેલ પ્રાથમિક શાળામાં ઓરડાની ઘટ હોવાથી બાળકોને બેસવામાં પણ તકલીફ પડતી હતી. જ્યારે નવીન ત્રણ ઓરડા બનતા શાળા પરિવાર સાથે બાળકોમાં પણ ખુશી ની લાગણી છવાઈ હતી.

## મોરવા (હ) તાલુકાના કસનપુર મુખ્ય પ્રાથમિક શાળા ખાતે જ્ઞાન શકિત દિન નિમિત્તે જ્ઞાનકુંજ પ્રોજેકટનું લોકાર્પણ



મોરવા(હ), કસનપુર મુખ્ય પ્રાથમિક શાળા ખાતે જ્ઞાન શક્તિ દિન નિમિત્તે ગામના સરપંચ તેમજ ગામના મુખ્ય મહેમાનો. તેમજ પ્રાથમિક શાળા શિક્ષણ સ્ટાફ ઉપસ્થિત રહી કાર્યક્રમમાં શોભા વધારી હતી દિપ પ્રાગટ્ય કરી જ્ઞાનશકિત દિનનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. જ્ઞાન શકિત દિવસ નિમિત્તે અદ્યતન શૈક્ષણિક સુવિધાઓ લોકાર્પણ તેમજ ખાતમુહૂર્ત તેમજ વિદ્યાર્થીલક્ષી યોજનાઓનું અંતગતટિકનોલોજી સાથે આજનું બાળક આગળ વધે તે માટે કેટલીક પ્રાથમિક શાળા ખાતે જ્ઞાનકુંજ પ્રોજેક્ટનું લોકાર્પણ કરવામાં આવ્યું. કસનપુર મુખ્ય પ્રાથમિક શાળાને મળેલા જ્ઞાનકુંજ પ્રોજેક્ટ શાળા ખાતે ગામના સરપંચ બે ઓરડાનું રીબીન કાપી લોકાર્પણ કર્યું હતું.

## પોલનબજાર ઉર્દૂ કન્યા શાળા દ્વારા જ્ઞાન શકિત દિન ઉજવાયો



ગોધરા, આજ રોજ પોલનબજાર ઉર્દૂ કન્યા શાળામાં જ્ઞાન શકિત દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં એસ.એમ.સી.સભ્યો શાળા શિક્ષક ગણ તેમજ સી.આર.સી.પોલીસ લાઈન તેમજ મહાનુભાવો હાજર રહ્યા હતા. એસ.એમ.સી.સભ્ય તેમજ નગરપાલિકા સભ્ય તાહેરાબેન મૌલવીની હાજરીમાં જ્ઞાનકુંજ વર્ગનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું . શાળાના મુખ્યશિક્ષક મહેબૂબ વાઢેલ દ્વારા તમામ સભ્યોનો આભાર વ્યકત કરી કાર્યકમ સમ્પન્ન કરાયો હતો.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 290